# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૦ № = 8 8 તારીખ: 27 AUG 2020

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,
નરનારાયણ માઈનકેમ,
સર્વે નં.૩૮,ગામ-વાંઢ,
તા - માંડવી-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૮૭૯૯ ૨૯૭૯૭

વિષય:- કેસ નંબર પીજી૦૪/૦૦૩/૨૦૧૯-૨૦

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૩/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. હાલના સમયમાં કોરોના મહામારીનો સમય ચાલે છે તેથી આપનો આ ચુકાદો આપવામાં ઢીલ થયેલ છે. જે આપની જાણ સારૂ.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, માંડવી રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-003-2019-20.

| | | |
|---|---|---|
| અરજદાર | : | શ્રી નરનારાયણ માઈનકેમ<br>ગામ-વાંઢ, તા.-માંડવી, જી.-કચ્છ. |
| રજૂઆત કરનાર | : | અરજદાર શ્રી હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | | |
|---|---|---|
| સામાવાળા | : | કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, માંડવી |
| રજૂઆત કરનાર | : | ૧) શ્રી જે.એચ.તલાટી, કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી<br>૨) શ્રી સી.એસ.નાયી, નાયબ ઈજનરશ્રી, માંડવી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી.<br>3) શ્રી એન.એસ. ખત્રી, નાયબ અધિક્ષક હિસાબનીશ, પીજીવીસીએલ. વિભાગીય કચેરી, માંડવી |

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
3) શ્રી કે.વી. ભટ્ટ, મેમ્બર ટેક

| | | |
|---|---|---|
| સુનાવણી સ્થળ | : | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ | : | ૧૪/૦૨/૨૦૨૦ |

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રમેશ નારણ વેકરીયા, ગામ–વાંઢ, તા-માંડવી, માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી, માંડવી વિભાગીય કચેરી પીજીવીસીએલ એચ.ટી.કેટેગરીનું વિજ કનેક્શન ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રીની લેખિત રજુઆત મુજબ તેઓશ્રી નરનારાયણ માઈનકેમના નામે ગ્રાહક નં.૩૧૧૫૮થી એચ.ટી. કેટેગરીનું નવું વિજ્જોડાણ મેળવેલ છે.

૧.3 અરજદારશ્રી પીજીવીસીએલ કચેરીનું એલ.ટી. વીજ્જોડાણ ગ્રાહક નં. ૩૯૮૦૨/૦૦૦૧૫/૩થી UNITED EXCATION PVT LTD ધરાવતા હતા. જેના બીલના નાણાં ભરપાઈ કરવાના બાકી હતા.

૧.૪ અરજદારશ્રીની લેખિત રજુઆત મુજબ તેઓના બીલમાં વધારાના રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/- ઉધારવામાં આવેલ છે. જેની તપાસ કરતાં તેઓશ્રીના એલ.ટી. વીજ્જોડાણ ગ્રાહક નં. ૩૯૮૦૨/૦૦૦૧૫/૩ના UNITED EXCATION PVT LTD ના બાકી હતા જે રકમ તેઓના નવા એચ.ટી. વિજ્જોડાણમાં ઉધારેલ છે.

૧.૫ અરજદારશ્રીએ લેખીત તેમજ મોખિક રજુઆત માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીમાં કરેલ તેઓની બાકી લેણી રકમ લોક અદાલતમાં સમાધાન કરી તેઓને વ્યાજ માફ કરી આપવી. જે વ્યાજ માફી લોક અદાલતમાં કરી, લેણી રકમ ભરપાઈ કરી આપવા વિનંતી કરેલ છતાં માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા તે લાભ આપવામાં આવેલ નહી.

૧.૬ અરજદારશ્રીની લેખિત રજુઆત મુજબ તેઓને કોઈપણ જાણ કાર્ય વગર લેણી રકમ તેઓના નવા એચ.ટી.વીજ્જોડાણમાં વ્યાજ સહીત ઉધારવામાં આવેલ છે.

૧.૭ આમ, અરજદારશ્રીએ તેઓના નવા એચ.ટી.વીજ્જોડાણમાં ઉધારવામાં આવેલ બાકી લેણી રકમનું લોક-અદાલતમાં સમાધાન કરી વ્યાજ માફી આપવા તેમજ નવા એચ.ટી. જોડાણમાં ઉધારવામાં આવેલ રકમ પાછી ખેચવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રમેશ નારણ વેકરીયાનું નરનારાયણ માઈનકેમના નામે ગામ- વાંઢ, જે માંડવી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંડવી વિભાગીય કચેરી, પીજીવીસીએલના ગ્રાહક નં.૩૧૧૫૮થી એચ.ટી. કેટેગરીનું વિજ જોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રીનું UNITED EXCATION PVT LTDના નામે ગ્રાહક નં.૩૯૮૦૨/૦૦૦૧૫/૩થી એલ.ટી. વીજ્જોડાણ માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હેઠળ પીજીવીસીએલ કચેરીનુ વીજ્જોડાણ હતું. જે વીજ્જોડાણ સદર અરજદારશ્રીનું જ હતું. જેથી સદર વીજ્જોડાણના વિજબીલની બાકી રહેતી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/- અરજદારશ્રી ના જ નવા વીજ્જોડાણ નરનારાયણ માઈનકેમના નામે તા.૧૬/૧૨/૨૦૧૯ના રોજ એચ.ટી. વીજ્જોડાણ ખાતે ઉધારવામાં આવેલ છે. જેના કારણે આ ફરિયાદ ઉદ્ ભવેલ છે.

૨.૨ અરજદારશ્રીના UNITED EXCATION PVT LTD વીજ્જોડાણના વિજબીલની બાકી રહેતી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/- વસુલ કરવા માટે માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા ગ્રાહકને તા.૧૪/૦૭/૨૦૧૯ તેમજ તા.૧૩/૧૧/૨૦૧૯ ના રોજ બાકી રકમ ભરપાઈ કરવા માટે લીગલ નોટીસ આપવામાં આવેલ. પરંતુ, ગ્રાહકશ્રી દ્વારા રકમ ભરપાઈ કરવા આવેલ ન હોવાથી સદર રકમ તેઓના માંડવી વિભાગીય કચેરી હેઠળ ના નવા એચ.ટી. વીજ્જોડાણ ખાતે વ્યાજ સહીત ઉધારવામાં આવેલ છે

૨.3 અરજદારશ્રીએ UNITED EXCATION PVT LTD એલ.ટી. વીજ્જોડાણના વિજબીલની બાકી રહેતી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/- લોક અદાલતમાં વ્યાજ માફી કરી આપવા માટે માંડવી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી માટે અરજી કરેલ.

૨.૪ અરજદારશ્રીએ લોક અદાલતમાં સમધાન દ્વારા વ્યાજ માફી માટેની અરજી કરેલ જેમાં અરજદારશ્રી રમેશ નારણ વેકરીયાને બદલે શ્રી નીલેશ પંડ્યાની સહી હોવાને કારણે તેમજ અરજદારશ્રી નો કોઈ પણ ઓથોરીટી લેટર ન હોવાને કારણે માંડવી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સદર કેશ લોક અદાલતમાં સમાધાન માટે મુકેલ ન હતો.

૨.૫ આમ, અરજદારશ્રીની એલ.ટી. વીજ્જોડાણના વિજબીલની બાકી રહેતી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/-છે. જે અરજદારશ્રી ના જ નવા એચ.ટી.વીજબીલમાં ઉધરવામાં આવેલ છે જે રકમ નિયમાઅનુસાર ભરવાપાત્ર થાય છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની લેખિત તેમજ સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆતના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રીના એલ.ટી. વીજ્જોડાણ ગ્રાહક નં. ૩૯૮૦૨/૦૦૦૧૫/૩ના UNITED EXCATION PVT LTD ની બાકી લેણી રકમ તેઓના નવા એચ.ટી.વીજ્જોડાણમાં વ્યાજ સહીત ઉધારવામાં આવેલ છે.

3.૨ અરજદારશ્રી રમેશ નારણ વેકરીયાનું નરનારાયણ માઈનકેમ નામે ગામ-વાંઢ,માંડવી વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ગ્રાહક નં.૩૧૧૫૮ થી નવું એચ.ટી. કેટેગરીનું વિજ્જોડાણ લીધેલ છે.

3.3 અરજદારશ્રીનું UNITED EXCATION PVT LTDના નામે ગ્રાહક નં.૩૯૮૦૨/૦૦૦૧૫/૩થી એલ.ટી. વીજ જોડાણ માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ વીજ્જોડાણ હતું. સદર વીજ્જોડાણની વિજબીલની બાકી રહેતી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/- હતી.



ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ કચ્છ

3.૪ માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા વિજબીલની બાકી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/- વસુલ કરવા માટે તા.૧૪/૦૭/૨૦૧૯ તેમજ તા.૧૩/૧૧/૨૦૧૯ના રોજ અરજદારને બાકી રકમ ભરપાઈ કરવા માટે લીગલ નોટીસ આપવામાં આવેલ,પરંતુ ગ્રાહકશ્રી દ્વારા રકમ ભરપાઈ કરવા આવેલ ન હતી.

3.૪ અરજદારશ્રી દ્વારા સદર બાકી રહેતી રકમ ભરપાઈ કરવામાં આવેલ ન હોવાથી તે રકમ વસુલ કરવા માટે માંડવી વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી રમેશ નારણ વેકરીયાનું નરનારાયણ માઈનકેમ ના નામે ગામ-વાંઢ-માંડવી વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ નવા એચ.ટી. વીજ જોડાણ ગ્રાહક નં.૩૧૧૫૮ ખાતે વ્યાજ સહીત ઉધારવામાં આવેલ છે.

3.૫ અરજદારશ્રી એ UNITED EXCATION PVT LTD એલ.ટી. વીજ્જોડાણના વિજબીલની બાકી રહેતી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/- લોક અદાલતમાં વ્યાજ માફી કરી આપવા માટે માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી માટે અરજી કરેલ જે માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીએ સ્વીકારે નહીં.

3.૬ અરજદારશ્રીએ લોક અદાલતમાં સમધાન દ્વારા વ્યાજ માફી માટેની અરજી કરેલ જેમાં અરજદારશ્રી રમેશ નારણ વેકરીયાને બદલે શ્રી નીલેશ પંડ્યા ની સહી હોવાને કારણે તેમજ અરજદારશ્રી નો કોઈપણ ઓથોરીટી લેટર ન હોવાને કારણે માંડવી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સદર કેશ લોક અદાલતમાં સમાધાન માટે મુકેલ ન હતો.

3.૭ આમ, એલ.ટી. વીજ્જોડાણના વિજબીલની બાકી રહેતી રકમ રૂ.૧,૭૭,૪૯૭.૩૨/-તે અરજદારશ્રી ના જ એચ.ટી.વીજબીલમાં ઉધરવામાં આવેલ છે જે રકમ નિયમાઅનુસાર ભરવાપાત્ર થાય છે.

3.૮ આમ, અરજદારશ્રીને રજુઆતના આધારે તેઓશ્રીનું એલ.ટી. વીજ્જોડાણની બાકી રહેતી રકમ રૂપિયા નિયમનુસાર ભરપાઈ કરવા પાત્ર છે જેની વિગતવાર સમજણ માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી અને માંડવી વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ અને અરજદારશ્રી બાકી બીલ રકમ ભરપાઈ કરવા સહમત થયેલ હતા. અને તેમણે ભરપાઈ કરેલ છે. જેથી સદર ફરિયાદનું બન્ને પક્ષે સંતોષપૂર્વક નિરાકરણ કરવામાં આવેલ છે.

3.૯ આમ, અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ માંડવી વિભાગીય કચેરીમાં તા.૧૭/૦૨/૨૦૨૦ના રોજ સમાધાનપત્ર (પુરશીશ) આપવામાં આવેલ છે, તથા તેમણે સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લીધેલ છે.

3.૧૦ આમ, અરજદારશ્રીની ફરિયાદનું નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારશ્રીની અરજી કેંસલ કરવામાં આવે છે

| | | |
|---|---|---|
| કે.વી. ભટ્ટ | એન. એચ. જોષી | એ.વી. ઠાકર |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

PG-04-003-2019-20

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

PG-04-003-2019-20